# ચાર મહિના બાદ સુનિતા આજે હેમખેમ પરત

નવી દિલ્હી,તા. ૧૯

આંતરિક્ષમાં ચાર મહિનાનો સમયગાળા બાદ ભારતીય મૂળની સુનિતા વિલિયમ્સ આજે જમીન ઉપર હેમખેમ પરત ફરી હતી જેથી સમગ્ર વિશ્વમાં ખુશીનું મોજું ફળી વળ્યું હતું. સુનિતા વિલિયમ્સને લાવનાર આંતરિક્ષ યાન સોયુઝ કઝાકિસ્તાનના અર્કાલ્યક સ્ટેશન ઉપર ભારતીય સમય મુજબ ૭.૨૩ મિનિટે ઉત્તરાયણ કરી જતાં ખુશીનું મોજું ફળી વળ્યું હતું. નાસાના સ્પેસ મિશન એક્સપેડિશન ૩૩ની કમાન્ડર સુનિતા પોતાના બે મિત્રો રશિયાના યૂરી મલેનચેન્કો અને જાપાનના અકીહિકો હોશિદેની સાથે પરત ફરી હતી. સુનિતા વિલિયમ્સ ૧૫મી જુલાઈના દિવસે અંતરીક્ષમાં પહોંચી હતી. નાસાના સ્પેશ એક્સપેડિશન ૩૩ની કમાન્ડર સુનિતા પોતાના બે મિત્રોની સાથે ૧૫મી જુલાઈના દિવસે અંતરીક્ષમાં પહોંચી હતી. સુનિતાની ટીમ ૧૨૭ દિવસ સુધી અંતરીક્ષમાં રહી હતી. ૪૬ વર્ષીય સુનિતાનો આ બીજો અંતરીક્ષ પ્રવાસ હતો. રવિવારે



રાત્રે ૧૧.૧૫ વાગે એક્સપેડિશન ૩૪મી ટીમે સુનિતા અને તેમની ટીમને વિદાય આપી હતી. વહેલી પરોઢે ૩.૫૬ વાગે સુનિતા અને અન્યોને લાવનાર સોયુઝ ટીએમ-૦૫ એમ ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશનથી અનડોક થઈ જતાં આગળની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. સવારે આશરે ૬.૦૦ વાગે સુયોઝે પૃથ્વીની સપાટીમાં પ્રવેશ કરી દીધો હતો. પૃથ્વીની સપાટીમાં પ્રવેશ કરી દીધા બાદ આશરે દોઢ કલાક પછી એટલે કે ૭.૨૩ વાગે યાન કઝાકિસ્તાનના અર્કાલ્યક સ્ટેશન ઉપર ઉતરી ગયું હતું. સુનિતાના આ મિશનની મુખ્ય વિશેષતા એ રહી છે કે આ મિશન દરમિયાન સુનિતાએ ત્રણ વખત સ્પેશવોક કર્યો હતો.

સ્પેશવોક ખૂબ જ મુશ્કેલ હોય છે. આના માટે ગંભીર તૈયારી કરવી પડે છે. સ્પેશવોક દરમિયાન અંતરીક્ષ યાત્રી સ્પેશસ્ટેશનની બહાર નિરીક્ષણ કરે છે અને સ્ટેશનની બહાર ઊભી થનાર ટેકનીકલ ખામીઓને દૂર કરે છે. આ વખતે સુનિતા વિલિયમ્સની ટીમે સ્ટેશનની બહાર ઊભી થયેલી એક ખામીને પાવર રેલી મારફતે બદલી નાંખીને આને દૂર કરી હતી. આ ઉપરાંત આગામી વર્ષે અહીં પહોંચનાર રશિયન લેબોરેટરી મોડ્યુઅલને સ્ટેશન સાથે જોડવાની તૈયારી પણ કરી હતી. સુનિતા વિલિયમ્સ અંતરીક્ષમાં ૪૪ કલાકથી વધુ સમય સુધી સ્પેશવોક કરી ચૂકી છે. પ્રથમ યાત્રા દરમિયાન સુનિતાએ ચાર વખત સ્પેશવોક કર્યો હતો.

## ઠાકરે મામલે ફેસબુક ઉપર ટિપ્પણી બદલ બેની ધરપકડ

મુંબઈ,તા. ૧૯

શિવસેનાના નેતા બાલ ઠાકરેના અવસાન બાદ મુંબઈમાં બંધ પાળવા સામે પ્રશ્નો ઉઠાવનાર બે યુવતિઓની ધરપકડ કરી લેવામાં આવી છે. થાણે જિલ્લાની બે યુવતિઓ ફેસબુક ઉપર ટિપ્પણી કરી હતી જેના કારણે તેમની ધરપકડ કરવામાં આવી છે. ૨૧ વર્ષીય યુવતિ શાહિન ધાધાની ફેસબુક સ્ટેટસ અપડેટ કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. આમા આ યુવતિએ કહ્યુ હતુ કે બાલ ઠાકરે જેવા લોકો દરરોજ જન્મે છે અને મરી જાય છે. આના માટે બંધ પાળવાની બાબત યોગ્ય નથી. બીજીબાજુ રેણુ નામની ઓળખાયેલી તેની એક મિત્રએ આ કોમેન્ટને પસંદ પડી હોવાની વાત કરી હતી જેથી તેની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ બંનેની આઈપીસીની કલમ ૨૯૫(એ) (ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડવા બદલ) ધરપકડ કરવામાં આવી છે. શિવસૈનિકોએ પાલઘર ખાતે શાહિનના ઓથોપેડિક ક્લિનિકમાં ભારે તોડફોડ પણ કરી હોવાની માહિતી પણ મળી છે. આ તોડફોડ બાદ તેની ધરપકડ કરી લેવાઈ છે. જો કે આ યુવતિએ મોડેથી તેની ટિપ્પણીને પાછી ખેંચી લીધી હતી અને આના માટે માફી પણ માંગી લીધી હતી. દરમિયાનમાં જસ્ટીસ મારકંડે કાત્જુએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌવ્હાણને પત્ર લખીને આ ધરપકડને અયોગ્ય ગણાવી છે અને દોષિત અધિકારીઓ સામે પગલા લેવાની માંગ કરી છે.

# ઠાકરેના સન્માનમાં મુંબઈ બંધ

### ઠાકરેના સન્માનમાં સ્કૂલ, બજારો, થિયેટરો, હોલસેલર કારોબાર બંધ : શિવસેનાએ બંધની કોઈ હાકલ કરી નથી

મુંબઈ,તા. ૧૯

શિવસેના વડા બાલ ઠાકરેના સન્માનમાં આજે મુંબઈમાં બંધ રાખવામાં આવ્યું હતુ. શહેરમાં સ્કૂલ, બજારો, થિયેટરો બંધ રાખવામાં આવ્યા હતા. અલબત્ત શિવસેનાએ કહ્યું હતુ કે પાર્ટી તરફથી બંધનું એલાન આપવામાં આવ્યું નથી. બંધ રાખવાની અપીલ પણ કરવામાં આવી નથી પરંતુ બાલ ઠાકરેના સન્માનમાં સ્વૈચ્છિક રીતે બંધ પાળવામાં આવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે ફેડરેશન ઓફ એસોશીએશન ઓફ મહારાષ્ટ્રે શિવસેનાના નેતા બાલ ઠાકરેના સન્માનમાં મહારાષ્ટ્રમાં બંધની હાકલ કરી હતી.




પોતાના તમામ ભાગીદારો અને વેપારી સમુદાયનો અપીલ કરવામાં આવ્યા બાદ બંધની અસર જોવા મળી હતી. ફેડરેશને એક નિવેદન જારી કરીને સોમવારના દિવસને શ્રદ્ધાંજલિ દિવસ મનાવવા અપીલ કરી હતી. ફેડરેશનના પ્રમુખ મોહન ગુરનાનીએ કહ્યું છે કે મહારાષ્ટ્ર રાજ્ય અને વેપારી સમુદાયે એક સારો મિત્ર ગુમાવી દીધો છે. ફેડરેશન સાથે વેપારીઓ તથા ડિલરોના ઘણા સંગઠનો જોડાયેલા છે. મુંબઈ જ્વેલરી સંગઠને પણ ઠાકરેના અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરીને આજે દુકાનો બંધ રાખવાની પહેલાથી જ જાહેરાત કરી દીધી હતી.

મુંબઈ બુલિયન એસોસીએશનના નાયબ અધ્યક્ષ કુમાર જૈને કહ્યું હતું કે તમામ રિટેલર, હોલસેલર અને જ્વેલરી કારોબાર બંધ રાખ્યો હતો. આ કારોબારી દરરોજ ૨૫૦ કરોડનો કારોબાર કરે છે.

## મધ્ય પ્રદેશમાં પાણીની ટાંકી ધારાશાયી : ૭ લોકોના મોત

ભોપાલ,તા. ૧૯

મધ્ય પ્રદેશના પાટનગર ભોપાલમાં પાણીની ટાંકી ધારાશાયી થઈ જતા તેના કાટમાળ હેઠળ દટાઈ જવાથી સાત લોકોના મોત થઈ ગયા છે અને અન્ય ૨૦થી વધુ લોકો ઘાયલ થઈ ગયા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. મળેલી માહિતી મુજબ અરેરા કોલોની નજીક ગરીબ લોકોની સાઈબાબાનગર વસ્તીમાં પાણીની ટાંકી મોડી રાત્રે એકાએક ધારાશાયી થઈ ગઈ હતી. પાણીની ટાંકીના કાટમાળ હેઠળ મોટી સંખ્યામાં ઝુંપડપટ્ટીઓ આવી ગઈ હતી. બનાવ બન્યો ત્યારે ઝુંપડપટ્ટીઓમાં મોટી સંખ્યામાં લોકો ઊંઘી રહ્યા હતા. આ બનાવમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ પણ કરી લેવામાં આવી છે જેમાં સુરેશ નહેરા, વર્ષા મોર્ય, રવિ ગૌર, સંજના, પુનિયાબાઈ, ગુંજના અને નેહાનો સમાવેશ થાય છે. નગર નિગમના આદેશ છતાં બચાવ કામગીરી હાથ ધરવામાં વિલંબ થયો હતો. આજે વહેલી સવાર સુધી બચાવ અને રાહત કામગીરી યથાવત્ રીતે આગળ વધી હતી. ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં ઘસેડવામાં આવ્યા હતા. બચાવ અને રાહત ટીમના અધિકારી નિકુંજ શ્રીવાસ્તવે મેજિસ્ટેરિયલ તપાસનો આદેશ



આપ્યો છે. સાથે સાથે મૃતકોના પરિવારને એક-એક લાખ રૂપિયા આપવાની જાહેરાત કરાઈ છે.

## ઈન્દિરા ગાંધીની ૯૫મી જન્મજયંતિએ પુષ્પાંજલિ

નવી દિલ્હી,તા. ૧૯

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને ઉપરાષ્ટ્રપતિ હમિદ અંસારી સહિત તમામે ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને તેમની ૯૫મી જન્મજયંતિએ શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રણવ મુખર્જી અને હમિદ અંસારીએ યમુના કાંઠે ઈન્દિરા ગાંધીના મેમોરિયલ શક્તિસ્થળ પર જઈને પુષ્પાંજલિ આપી હતી. યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી, કેન્દ્રિય પ્રધાન સુશીલકુમાર શિંદે, કમલનાથ પણ શક્તિસ્થળ પર પહોંચ્યા હતા અને પુષ્પાંજલિ આપી હતી.

દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની પુત્રી ઈન્દિરા ગાંધી વડાપ્રધન બનના દેશની પ્રથમ મહિલા હતા. તેમનો જન્મ ૧૯મી નવેમ્બર ૧૯૧૭ના દિવસે થયો હતો.

# કોલસા કૌભાંડમાં કેન્દ્ર સરકારને નોટિસ ફટકારાઈ

નવી દિલ્હી,તા. ૧૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે કોલસા બ્લોક ફાળવણીમાં કહેવાતી અનિયમિતતાના મામલામાં સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ દ્વારા તપાસ કરવાની માંગ કરતી અરજી પર કેન્દ્ર અને સીબીઆઈને નોટિસ ફટકારી હતી. જસ્ટિસ આરએમ લોધા અને એઆર દવેની બનેલી બેંચે જુદીજુદી ખાનગી કંપનીઓને કોલસા બ્લોક માટેની સરકાર દ્વારા ફાળવણી કરવા લાઈસન્સ રદ કરવાની માંગ કરતી જાહેર હિતની અરજી પર જવાબ આપવા બંનેને સુચના આપી છે જો કે બેંકે લાઈસન્સ ઉપર સ્ટે મુકવાનો ઈન્કાર કરી દીધો હતો. કાયદાઓનો ભંગ કરીને આ લાઈસન્સ મંજુર કરવામાં આવ્યા હોવાની બાબત સપાટી પર આવી હતી. કોર્ટે આઠ સપ્તાહની અંદર કોલસા બ્લોક ફાળવણીમાં ગેરરીતિ અંગે સર્વગ્રાહી જવાબ આપવા સરકાર અને એજન્સીને આદેશ કર્યો હતો.

૨૪મી જાન્યુઆરીના દિવસે આ મામલામાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. ભૂતપૂર્વ સીઈસી એન ગોપાલ સ્વામી, નૌકાસેનાના પૂર્વ વડા એલ રામદાસ અને ભૂતપૂર્વ કેબિનેટ સચિવ ટીએસઆર સુબ્રમણ્યમ સહિત સિવિલ સોસાયટીના સભ્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ આદેશ કર્યો હતો. આ અરજીમાં કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં સીટ મારફતે તપાસની માંગણી કરવામાં આવી છે. આ અરજીમાં એવો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે કે કોલસા બ્લોક ફાળવણીમાં હાલ સીબીઆઈ દ્વારા કરવામાં આવી રહેલી તપાસ પૂરતી નથી માત્ર સીટ દ્વારા જ કેસમાં નિષ્પક્ષ તપાસને આગળ વધારી શકાય છે. કોલસા બ્લોક કૌભાંડમાં અનેક પ્રધાનો, તેમના સગાસંબંધીઓ અને નજીકના લોકોના નામ ખુલી ચુક્યા છે.

કોલાસા બ્લોક ફાળવણી કૌભાંડ સપ્ટેમ્બર ૧૪ના દિવસે જ્યુડિશિયલ તપાસમાં લેવામાં આવ્યા બાદ કેટલીક માર્ગદર્શિકા જારી કરવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો હતો. કોલસા કાંડમાં સરકારની મુશ્કેલી વધી ચુકી છે. કેગના અહેવાલ બાદ સરકાર ભારે મુશ્કેલીમાં છે. કોલસા બ્લોક ફાળવણી પર કેન્દ્ર સરકારે સીએજીના અહેવાલને ફગાવી દીધો હતો જેમાં ફાળવણીથી સરકારી ખજાનાને ૧.૮૫ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયુ હોવાની વાત કરવામાં આવી હતી.

# ટુજી પ્રકરણમાં આરબીઆઈ ગવર્નર સુબ્બારાવની કોર્ટમાં જુબાની

નવી દિલ્હી,તા. ૧૯


આરબીઆઈના ગવર્નર ડી સુબ્બારાવ સમગ્ર દેશને હચમચાવી મુકનાર ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડ મામલામાં પ્રોસિક્યુશન સાક્ષી તરીકે આજે દિલ્હીની કોર્ટમાં ઉપસ્થિત થયા હતા અને કહ્યુ હતુ કે તેઓએ પાન ઈન્ડિયા લાઈસન્સ માટે ૧૬૦૦ કરોડ રૂપિયાની આસપાસની સ્પેક્ટ્રમ ફી નક્કી કરવા સામે વર્ષ ૨૦૦૭માં પ્રશ્નો ઉઠાવ્યા હતા. એપ્રિલ ૨૦૦૭થી સપ્ટેમ્બર ૨૦૦૮ના ગાળા દરમિયાન સુબ્બારાવ ફાઈનાન્સ સેક્રેટરી તરીકે સેવા આપી રહ્યા હતા. આ કેસમાં સુબ્બારાવ ચાવીરૂપ સાક્ષી તરીકે છે. હાઈપ્રોફાઈલ કેસમાં ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ રાજા અને અન્યો ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. તેમના નિવેદનની નોંધણી દરમિયાન સુબ્બારાવે કોર્ટમાં કહ્યુ હતુ કે તેઓએ તત્કાલિન ટેલિકોમ સચિવ ડીએસ માથુરને ૨૨મી નવેમ્બર ૨૦૦૭ના દિવસે એક પત્ર લખ્યો હતો જેમાં તેઓએ પાન ઈન્ડિયા લાઈન્સ માટે ૧૬૦૦ કરોડ રૂપિયાની આસપાસની સ્પેક્ટ્રમ ફી સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે વર્ષ ૨૦૦૧માં નક્કી કરવામાં આવેલી ૧૬૦૦ કરોડ રૂપિયાની સ્પેક્ટ્રમ ફી ૨૦૦૭માં પણ કઈ રીતે અમલી બનાવી શકાય છે. ટુજી મામલામાં નવી નવી વિગતો ખુલી રહી છે. સ્પેશિયલ સીબીઆઈ જજ ઓપી સૈની સમક્ષ સુબ્બારાવે કહ્યુ હતુ કે તેઓએ પ્રશ્ન કર્યો હતો કે વર્ષ ૨૦૦૧માં નક્કી કરવામાં આવેલી ૧૬૦૦ કરોડ રૂપિયાની ફીને વર્ષ ૨૦૦૭માં આપવામાં આવનાર લાઈસન્સ માટે લાગુ કરવાની બાબત આશ્ચર્ય સર્જે છે. સીબીઆઈ વકીલ એકે સિંહે પણ સુબ્બારાવના નિવેદન દરમિયાન ટેલિકોમ વિભાગ અને નાણાંમંત્રાલય સહિત સંબંધિત વિભાગોની ફાઈલો અને નોંધ રજુ કરી હતી. જે નોંધ દૂરસંચાર અને નાણાં વિભાગ તરફથી સુબ્બારાવને મોકલવામાં આવી હતી તે પણ રજુ કરવામાં આવી હતી. ૧૧મી નવેમ્બર સુધી કોર્ટે આ કેસમાં ૭૭ સીબીઆઈના સાક્ષીઓના નિવેદન નોંધી લીધા છે. આ કેસમાં રાજા ચાવીરૂપ આરોપી છે. રાજા ઉપરાંત આ કેસમાં અન્ય જે લોકો આરોપોનો સામનો કરી રહ્યા છે તેમાં ડીએમકે સાંસદ કાનીમોઝી, ભૂતપૂર્વ ટેલિકોમ સચિવ સિદ્ધાર્થ બેહુરા, રાજાના તત્કાલિન ખાનગી સચિવ આરકે ચંડોલિયા, સ્વાન ટેલિકોમના પ્રમોટર શાહિદ ઉસ્માન બલવા અને વિનોદ ગોયંકા, યુનાઈટેડ લિમિટેડના એમડી સંજય ચંદ્રા, રિલાયન્સ અનિલ ધિરુભાઈ અંબાણી ગ્રુપના ત્રણ ટોચના કારોબારી ગૌતમ દોશી, સુરેન્દ્ર પિપારા, હરિનાયર પણ કેસમાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. આ કેસમાં અન્ય જે આરોપીઓ છે તેમાં કુસેગાઉ ફ્રુટ્સ એન્ડ વેઝિટેબલ લિમિટેડના ડિરેક્ટર આશિફ બલવા, રાજીવ અગ્રવાલ, કલેગનર ટીવીના એમડી શરદકુમાર, બોલિવુડના નિર્માતા કરિમ મોરાનીનો સમાવેશ થાય છે. આ મામલામાં ત્રણ ટેલિકોમ કંપનીઓ પણ તપાસનો સામનો કરી રહી છે. આ કંપનીઓને સીબીઆઈ દ્વારા ગયા વર્ષે બીજી એપ્રિલ અને ૨૫મી એપ્રિલના દિવસે રજુ કરવામાં આવલા ચાર્જશીટમાં આરોપી દર્શાવવામાં આવી છે. ૨૨મી ઓક્ટોબર ૨૦૧૧ના દિવસે ૧૭ આરોપીઓની સામે આરોપો ઘડવામાં આવ્યા હતા.

## નાણાંમંત્રીની આજે જાહેર ક્ષેત્રની બેંકોના વડાઓ સાથે બેઠક

નવી દિલ્હી,તા. ૧૯

નાણાંમંત્રી પી ચિદમ્બરમ આવતીકાલે બેંગ્લોરમાં જાહેર ક્ષેત્રની બેંકોના વડાઓ અને દક્ષિણી રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજશે. બેઠકમાં કેન્દ્રિય યોજનાઓની પ્રગતિ અને પ્રદેશની ક્રેડિટ જરૂરિયાતોની સમીક્ષા કરવામાં આવશે.

આ બેઠકમાં લોન સંબંધિત પરિબળો ખાસ કરીને કૃષિ, માઈક્રો અને નાના ઉદ્યોગ સાહસિકો માટેની જરૂરિયાતો તેમજ હાઉસિંગ અને નબળા વર્ગોની જરૂરિયાતોનો મુદ્દો છવાશે. ઉપરાંત ક્રેડિટ-ડિપોઝિટ રેશિયોના મુદ્દે પણ ચર્ચા કરાશે. મિટિંગમાં તમિળનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, કેરળ અને પુડુચેરીના મુખ્યમંત્રીઓ



ઉપસ્થિત રહેશે. જાહેર ક્ષેત્રની બેંકોના હેડક્વાટર્સ પર આ મિટિંગ યોજાનાર છે. દરેક પરિવારને એક બેંક ખાતુ રહે તેવી ખાતરીના પ્રયાસ પણ કરવામાં આવશે. ચાવીરૂપ પેન્ડીંગ પ્રોજેક્ટો અને રિકવરીના મુદ્દા પણ છવાશે. ક્ષેત્રિય ગ્રામિણ બેંકોની નવી શાખાઓ ખોલવાની બાબત પણ હાલ ચાલી રહી છે. મુખ્યમંત્રીઓ સાથે હાઈ પ્રોફાઈલ બેઠક અર્ધવાર્ષિક સમીક્ષાના ભાગરૂપે છે.

# તૃણમૂલના અવિશ્વાસ પ્રસ્તાવને સમર્થન નહીં જ અપાયઃ યેચુરી

### સંસદના શિયાળુ સત્ર પહેલા જ ડાબેરીઓએ વલણ સ્પષ્ટ કરતા સરકારને આંશિક રાહત : એફડીઆઈથી નારાજ

નવી દિલ્હી, તા. ૧૯

સંસદના આગામી શિયાળુ સત્રમાં તૃણમુલ કોંગ્રેસ દ્વારા લાવવામાં આવનારા અવિશ્વાસ પ્રસ્તાવને સમર્થન નહીં આપવાની ડાબેરી મોરચાએ આજે જાહેરાત કરી હતી. સામ્યવાદી માર્કસવાદી પક્ષ (સીપીઆઈ-એમ)ના સાંસદ સીતારામ યેચુરીએ તૃણમુલ કોંગ્રેસ દ્વારા કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકાર વિરુદ્ધ લાવવામાં આવનારા અવિશ્વાસ પ્રસ્તાવને સમર્થન ન આપવાની શક્યતા વ્યક્ત કરી હતી.

યેચુરીના જણાવ્યા મુજબ સીપીએમનું માનવું છે કે જો સત્તાધારી યુપીએ-૨ વિરુદ્ધ લાવવામાં આવનાર પ્રસ્તાવ પસાર ન થાય તો તેને કોંગ્રેસ પોતાની દરેક જનવિરોધી નીતિના સમર્થનના રૂપમાં લેશે. યેચુરીએ વાતચીતમાં કહ્યું હતું કે, જો અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવે તો અમે ઈચ્છીએ છીએ કે તે પાસ થઈ જાય. નહીં તો સરકાર પોતાના બાકીના કાર્યક્રમમાં તેની પોતાની દરેક જનવિરોધી નીતિના સમર્થનમાં રૂપમાં લેશે. અમે સરકારને આવું કોઈ પ્રમાણપત્ર આપવા ઈચ્છતા નથી. અવિશ્વાસ પ્રસ્તાવને કોઈપણ એક ખાસ મુદ્દા સાથે જોડવાનો ઈનકાર કરતા યેચુરીએ કહ્યું હતું કે, મલ્ટી બ્રાન્ડ રીટેલમાં એફડીઆઈના વિરોધ સ્વરૂપે ડાબેરી પક્ષો દ્વારા ગૃહમાં મતવિભાજનના નિયમ હેઠળ લાવવામાં આવનારો પ્રસ્તાવ સરકારના પગલાંને પછડાટ આપવા શ્રેષ્ઠ પૂરવાર થશે. સમાજવાદીપક્ષ જેવા ઘણાં પક્ષો આ પ્રસ્તાવનું સમર્થન નહીં આપે. અમે સંસદમાં વાસ્તવિક સ્થિતિના આધારે અમારું વલણ નક્કી કરીશું. તૃણમૂલનો ભૂતકાળ છે કે તે બોલે કંઈ અને કરે કંઈ. જેથી અમારે રાહ જોવી પડશે.

## શિવાજી પાર્ક ખાતે ઠાકરે મેમોરિયલની ઉગ્ર માંગ

શિવસેનાના વડા બાલ ઠાકરેનો નશ્વરદેહ પંચમહાભૂતમાં વિલિન થઈ ગયાના એક દિવસ બાદ તેમના પુત્ર ઉદ્ધવ ઠાકરેએ શિવાજી પાર્ક ખાતે મુલાકાત લીધી હતી. તેમના પિતાની અસ્થિઓ એકત્રિત કરી હતી. જો કે શિવસેનાએ હવે વધુ એક મુદ્દો ઉઠાવ્યો છે. શિવાજી પાર્ક ખાતે બાલ ઠાકરેના સન્માનમાં એક મેમોરિયલ સ્થાપિત કરવાની માંગણી શિવસેના દ્વારા કરવામાં આવી છે. મરાઠા મહારાજા છત્રપતિ શિવાજીને સમર્પિત એક મેમોરિયલ પહેલાથી જ છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મનોહનર જોશીએ કહ્યુ છે કે શિવાજી પાર્કમાં બાલ ઠાકરે મેમોરિયલ બનાવવામાં આવે તેવી અમારી ઈચ્છા છે. સરકારે આને મંજુરી આપવી જોઈએ.

## સમાચાર ઝલક

- બાલાસાહેબ ઠાકરેનાં પંચમહાભૂતમાં વિલીન અસ્થિ ઠાકરે પરિવારે એકત્ર કર્યા.
- ડિસેમ્બરમાં ગાંધીજીના બે પત્રોની લંડનમાં હરાજી થશે.
- 'જબ તક હૈ જાન' ફિલ્મની કમાણી ૬૦ કરોડથી વધારે, દિવાળીએ ૨૫૦૦ સ્ક્રીન પર એક સાથે રિલીઝ થયેલી ફિલ્મ.
- એશિયાઇ દેશો સાથે આર્થિક સંબંધો વધારેશ અમેરિકા.
- ૨૩મી નવેમ્બરથી શરૂ થનારૂં સંસદનું શિયાળું સત્ર તોફાની બનવાની સંભાવના.
- ત્રણ પ્રકારના મચ્છરોએ રાષ્ટ્રને હચમચાવ્યું.
- ચૂંટણી કામગીરીમાં સંકળાયેલાઓ કર્મયોગીઓ સંતર્ક રહે.
- ગાઝા : સિરીયા પર ઇઝરાયેલના વળતાં આક્રમક હુમલાથી અનેક મકાનોને નુકશાન.
- થરાદ તાલુકાના ખાનપુર ગામે પિતાએ માથાભારે પુત્રની હત્યા માટે સોપારી આપી.

## દિલ્હી હિમાલય હાઉસમાં ભીષણ આગથી ભાગદોડ



નવી દિલ્હી,તા. ૧૯

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં કેનોટ પ્લેસ વિસ્તારમાં આજે સવારે ૧૫ માળની હિમાલય હાઉસ ઈમારતમાં એકાએક આગ ફાટી નીકળ્યા બાદ ભારે ભાગદોડ મચી ગઈ હતી. આગના આ બનાવમાં એકનું મોત થયુ છે. આગ ફાટી નીકળવાનો બનાવ સવારે ૬.૩૦ વાગે બન્યો હતો. ઘટના સ્થળે આશરે ૩૦ ટીમો તરત જ પહોંચી ગઈ હતી. ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ ઉપર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. ફાયર બ્રિગેડના સૂત્રોએ કહ્યું છે કે ઈમારતના ત્રીજા માળે આગ ફાટી નીકળી હતી જે ઝડપથી ચોથા અને પાંચમાં માળ સુધી ફેલાઈ ગઈ હતી. જો કે આ બનાવમાં કોઈને ઈજા થઈ ન હતી. આગ ફાટી નીકળવાના કારણોમાં તપાસ હાથ ધરવામાં આવી છે. આગ ફાટી નીકળ્યા બાદ મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે એકત્રિત થઈ ગયા હતા.

### વર્તમાનમાં જીવો (પાના નં. ૪ નું ચાલુ)

માર્ચમાં પૂરી તૈયારી કર્યા પછી આપેલી પરીક્ષાનું પરિણામ જૂનમાં બહાર પડે છે. જેમ ઘરનો ઊંબરો ઓળંગ્યા વગર ઘરની અંદર કે બહાર જઈ શકાતું નથી. તેમ વર્તમાનની મદદ વગર ભૂતકાળ કે ભવિષ્યકાળનું સર્જન શક્ય જ નથી - માટે વર્તમાનમાં જીવો.

એક સંતને કોઈકે પૂછ્યું : તમારી દોઢસો વર્ષની ઉમરનું રહસ્ય શું હતું? સંતે કહ્યું, હું તરસ લાગે ત્યારે પાણી, ભૂખ લાગે ત્યારે ભોજન, ઝોકું આવે ત્યારે ઊંઘ અને ભકતો પૂછે ત્યારે સત્સંગ- આ બધી ક્રિયા કરી લઉં છું. પૂછનારે ફરી પૂછ્યું : આ બધું તો અમે પણ કરીએ છીએ. એમાં વળી તમે નવું શું કહ્યું ? સંતે ખુલાસો કર્યો, તમે જ્યારે જમવા બેસો છો ત્યારે ટી.વી. જુઓ છો? હા. વાતો કરો છો? હા. ફોન આવે ત્યારે જમતાં જમતાં વાત કરો છો? !! હા. જમતાં જમતાં લાઈટ બિલ ભરવાની, કોઈને વાયદો કર્યો છે તેને મળવાની, કોઈના લગ્નમાં જવાની ચિંતા કરો છો? હા. બસ મારા અને તમારામાં આટલો જ તફાવત છે. જે પ્રશ્નોના તમારા જવાબ 'હા'- માં છે તે બધાના મારા જવાબ 'ના'-માં છે. હું જમું છું ત્યારે બસ જમું છું. જમવા સિવાય બીજું કશું પણ કરતો નથી જ્યારે તમે જમતી વખતે જમવા સિવાય બીજું બધું જ કરો છો.

વાત તો સાવ સાચી છે. ટીવી સીરિયલમાં ગળા ડૂબે માણસ જમવા બેસે છે ત્યારે એ શું ગળામાં ઓરે છે. તેની પણ ખબર પડતી નથી પછી સ્વાદની ગતાગમ તો ક્યાંથી પડે? મહાત્મા ગાંધીજી જ્યારે જમવા બેસતાં ત્યારે એક એક કોળિયો એટલી કાળજી પૂર્વક ચાવીને ખાતા જાણે કે પૃથ્વી થંભી ના ગઈ હોય! તેમને જમતાં જોવા એ પણ એક લ્હાવો ગણાતો. કહેવાનું તાત્પર્ય એટલું જ કે તમે કોઈ પણ કામ કરતા હો ત્યારે એ રીતે કરો કે આખી પૃથ્વીનો આધાર તમારા ઉપર જ છે. જે કામ કરો એ જ કરો, એ સિવાય બીજું કશું નહિ. કુંભારના ચાકડા ઉપરથી જે ઘાટ ઉતરે છે એ આનું ઉત્તમ ઉદાહરણ છે. કુંભાર વન-ડે મેચ જોતાં જોતાં ચાકડા ઉપર વાસણ ઉતારે તો બિચારો એ પોતે જ કલીન બોલ્ડ થઈ જાય. કર્મમાં કુશળતા એ પણ યોગ છે એવું શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં શા માટે કહ્યું તે ઝટ ગળે ઉતરી જાય છે. પણ શેરડી શેરડીનો સાંઠો અને શીરો સાથે ખાવા જાવ તો શું થાય? ઘરમાં એકલા હો ત્યારે પ્રયોગ કરવા જેવો છે. આખી વાત ગળે ઉતરી જશે : વર્તમાનમાં જીવો.

ગાંધી આશ્રમમાં વાઈસરૉયને ૬.૦૦ વાગે મળવાનો સમય આપ્યો હોય તો પણ ૫.૪૫ કલાકે ગાંધીજી પોતડી પહેરી બકરી દોહવા બેસી જતા હતા. જ્યારે આપણને કોઈ મળવા આવવાનું હોય ત્યારે પૂરા એક કલાકથી ટાપટીમાં રચ્યાપચ્યા રહીએ છે. તૈયારી પૂરા એક કલાકની અને મુલાકાત ૧૦ મીનીટની. એક કલાકની ટાપટીપની ભરપાઈ કરવામાં આખી જિંદગીની સજા. ઉપાય એક જ છે, વર્તમાનમાં જીવો.